# જીરાનો ભાવ મક્કમ રહેવાની સંભાવના, સંગ્રહ કરી  અને એપ્રિલ, ૨૦૨૨ પછી વેચાણ કરવા નિર્ણય કરી શકાય

સમગ્ર વિશ્વમાં મસાલા તરીકે જીરાની નોંધપાત્ર માંગ છે, તેમાં પણ ખાસ કરીને જ્યાં મસાલેદાર ખોરાક પસંદ કરવામાં આવે છે. ભારત મસાલાપાકોના ઉત્પાદનમાં વિશ્વમાં અગ્રેસર છે તેમજ જીરાનું ઉત્પાદન પણ સૌથી વધારે  ભારતમાં થાય છે. ભારત ઉપરાંત, જીરાનું વાવેતર સીરિયા, ઈરાન, તુર્કી, ચીન અને લેટીન અમેરિકામાં થાય છે, પરંતુ એ દેશોનું ઉત્પાદન મોડું જૂન–જુલાઈમાં આવે છે.

સને ૨૦૧૯–૨૦માં ભારતમાં, જીરાનું ઉત્પાદન વિક્રમ જનક ૮ લાખ ટન જેટલું થયેલ હતું. જે ઘટીને વર્ષ ૨૦૨૧–૨૨માં ૭.૧૮ લાખ ટન જેટલું થયેલ, જેનું કારણ ભાવમાં ઘટાડો હતું. ચાલું વર્ષ ૨૦૨૧–૨૨માં જીરાનું વાવેતર અને ઉત્પાદન ગત વર્ષની સરખામણીએ ૩૦ ટકા જેટલું ઓછું થવાના અહેવાલ છે તેમજ કમોસમી વરસાદ અને ઝાકળના કારણે પાકને નુકસાન થયેલ છે. દેશમાંથી જીરાની નિકાસ વર્ષ ૨૦૧૯–૨૦ નાં ૨.૧૪ લાખ ટન થી વધીને  ૨૦૨૦–૨૧ માં ૨.૯૯ લાખ ટન થયેલ હતી. ઉપરાંત, ચાલુ વર્ષે એપ્રિલથી ડીસેમ્બર, ૨૦૨૧ સુધીમાં લગભગ ૧.૭૪ લાખ ટન જીરાની નિકાસ થયેલ છે. જેથી, જીરૂના ભાવ જે ફેબ્રુઆરી, ૨૦૧૯ માં ગુજરાતમાં મણનાં રૂ|. ૩૦૦૦ જેટલા હતા, તે ઘટીને માર્ચ, ૨૦૨૦ મણનાં રૂ|. ૨૪૦૦ થયા હતા અને ઓક્ટોબર, ૨૦૨૧ માં પણ ગુજરાતની વિવિધ બજારોમાં જીરાનો ભાવ આ સ્તરે પ્રવર્તમાન હતો. ત્યારબાદ ભાવમાં સતત વધારો થઇ હાલ  ફેબ્રુઆરી, ૨૦૨૨નાં છેલ્લા અઠવાડીયામાં ગુજરાતની વિવિધ બજારોમાં જીરાનાં ભાવ મણનાં રૂ|. ૩૭૦૦ જેટલા પ્રવર્તમાન છે. જે કાપણી સમયે આ સ્તરે મજબૂત રહેવાની સંભાવના છે.

ગુજરાતમાં ચાલુ વર્ષ ૨૦૨૧–૨૨માં, જીરાનું વાવેતર ઘટીને ૨.૮૯ લાખ હેક્ટર (બીજો આગોતરો અંદાજ  તા. ૧૦–૧–૨૦૨૨) જેટલું થયેલ છે, જે ગયા વર્ષે ૪.૭૪ લાખ હેક્ટર હતું. તેમજ ઉત્પાદન પણ ખૂબ ઓછું અંદાજીત ૨.૩૭ લાખ ટન જેટલું થશે. જે ગત વર્ષ ૨૦૨૦–૨૧માં ૩.૯૯ લાખ ટન જેટલુ હતું. દેશમાં ચાલું વર્ષમાં જીરાનું ઉત્પાદન ઓછું લગભગ ૫ લાખ ટન થવાની ધારણા છે, જે ચાલું વર્ષની સ્થાનિક વપરાશ અને નિકાસની માંગને પહોંચી વળવા અપૂરતું છે. ગત વર્ષનો બીન–વપરાશી જથ્થો પણ લગભગ નહિવત છે.

દેશમાં જીરાનું ઉત્પાદન અને બજારના અહેવાલોને ધ્યાનમાં લઈ, કૃષિ અર્થશાસ્ત્ર વિભાગ, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢની સંશોધન ટીમે રાજકોટ માર્કેટ યાર્ડનાં જીરૂના ઐતિહાસિક માસિક ભાવનું વિશ્લેષણ  કરેલ છે. જે વિશ્લેષણ મુજબ એવું તારણ છે કે **માર્ચ થી એપ્રિલ, ૨૦૨૨ દરમિયાન જીરૂનાં ભાવ (કાપણી સમયે) મણનાં રૂ|. ૩૬૦૦ થી ૪૦૦૦ (ક્વિન્ટલ દીઠ રૂ|. ૧૮૦૦૦ થી ૨૦૦૦૦) રહેવાની સંભાવના છે.** જેથી ખેડૂતભાઇઓ ઉપરોક્ત પરિસ્થિતિની નોંધ લઈ, પોતાની રીતે નિર્ણય કરી અનુકૂળતા મુજબ જીરૂનો સંગ્રહ કરી, એપ્રિલ, ૨૦૨૨ પછી વેચાણ કરવાનો નિર્ણય લઈ શકે છે.

જો નિકાસની તકો જળવાઈ રહે તો ભવિષ્યમાં જીરૂના ભાવ વધવાની સંભાવના રહેલી છે.